

પરદેશ પાર્સલ સર્વિસ
**CHIPS** Express
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫૦ | ૨૨ નવેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; કારતક વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ઈલેકટોરલ બોન્ડના મામલે સંસદમાં ઉહાપોહ

**૧૫ મિનિટ સુધી સદનમાં અધ્યક્ષની સામે વેલમાં ધસી જઇને વિરોધ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર : કાંગ્રેસનો આરોપ- ચૂંટણી સમયે બહાર પડાતા ઇલેકટોરલ બોન્ડને "મોટુ કૌભાંડ" દેશને લૂંટવામાં આવી રહ્યો છે : કોંગ્રેસે ભાજપને યાદ અપાવી કે કથિત કોલસા કૌભાંડ અને ટુ-જી કૌભાંડ જેવા મુદ્દાઓ ઉઠાવીને તમે જ ગૃહની કાર્યવાહીને દિવસો સુધી અવરોધી હતી**



ન્યુ દિલ્હી,તા.૨૧

વિપક્ષ કોંગ્રેસે ગુરુવારે લોકસભાનું કામકાજ શરૂ થતાં જ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) સહિત કેટલાક પીએસયુના ખાનગીકરણ અને ચૂંટણીઓ વખતે જ રાજકિય પક્ષોને ફંડ આપવા બહાર પડાતા કરોડો રૂપિયાના ચૂંટણી બોન્ડ(ઈલેકટોરલ બોન્ડ) જારી કરવાના મોદી સરકારના પગલાનો સદનમાં જોરદાર વિરોધ પ્રદર્શન કરીને ઈલેકટોરલ બોન્ડને "મોટુ કૌભાંડ" ગણાવ્યું હતું. વિપક્ષે આ મુદ્દાને લઈને સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો મચાવ્યો હતો. જો કે, લોકસભામાં અધ્યક્ષ ઓમ બિરલાએ તેમને ખાતરી આપી હતી કે ઝીરો અવર દરમિયાન તેમને મુદ્દાઓ ઉઠાવવાની મંજૂરી આપવામાં આવશે તે પછી જ આશરે ૧૫ મિનિટ સુધી સદનમાં અધ્યક્ષની સામે વેલમાં ધસી જઈને વિરોધ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કર્યા બાદ કોંગ્રેસના સભ્યો તેમની બેઠકો પર પાછા ફર્યા હતા. અને સરકાર સામે સદનમાં આરોપોનો મારો ચલાવીને વોકઆઉટ કર્યો હતો. કોંગ્રેસનું કહેવું હતું કે બોન્ડ દ્વારા ભાજપને આર્થિક ફાયદો થયો છે. કોંગ્રેસે આ અંગે સરકાર પાસે જવાબ માંગ્યો છે.


લોકસભામાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીએ સરકાર સામે આંગળી ચિંધતા આરોપ મૂક્યો કે "ચૂંટણીઓ સમયે જ બહાર પાડવામાં આવતાં ઈલેકટોરલ બોન્ડ એક મોટુ કૌભાંડ છે. દેશને લૂંટવામાં આવી રહ્યો છે. અધ્યક્ષે આવા ગંભીર મામલે અમને બોલવાની મંજૂરી આપવી જોઈએ."

જોકે, સ્પીકર બિરલાએ રોષે ભરાયેલા સભ્યોને કહ્યું હતું કે સાંસદોએ વેલમાં આવીને ગૃહનું ગૌરવ ઓછું ન કરવું જોઈએ. "આ ખોટું છે. ગૃહ રમતગમત સાથે જોડાયેલી વ્યકિતઓ પર ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દા પર ચર્ચા કરી રહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## હવે, મહારાષ્ટ્રમાં નવરચિત ગઠબંધન મહાવિકાસ અઘાડીની સરકાર બનશે

**નવા ગઠબંધનની રચનાને આખરી સ્વરુપ આપવા આજે મુંબઈમાં શિવસેનાની સાથે કોંગ્રેસ-એનસીપીની બેઠક : મહારાષ્ટ્રમાં સરકાર મુદ્દે કોંગ્રેસ અને એનસીપી અંતે સંમત થયા**




નવીદિલ્હી, તા. ૨૧

કોંગ્રેસ-એનસીપી ગઠબંધન મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને આશાવાદી છે. આ ગઠબંધને મહારાષ્ટ્રમાં સરકારની રચના સાથે સંબંધિત તમામ મુદ્દાઓ ઉપર તેમની ચર્ચા પરિપૂર્ણ કરી લીધી છે. હવે આવતીકાલે ગઠબંધનની રચનાને આખરી ઓપ આપવા મુંબઈમાં શિવસેના સાથે મળીને સરકારની રચનાના મુદ્દા પર વાતચીત થશે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે કોંગ્રેસ અને એનસીપીના નેતાઓની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તમામ મુદ્દાઓ ઉપર સંપૂર્ણ સર્વસંમતિ થઇ ચુકી છે. ત્રણેય પક્ષોમાં સત્તા વહેંચણી ફોર્મ્યુલાની જાહેરાત એ વખતે કરવામાં આવશે જ્યારે શિવસેના સહિત ગઠબંધન ભાગીદારો તેમના કોમન મિનિમમ પ્રોગ્રામ (સીએમપી)ની જાહેરાત કરશે. તેમણે કહ્યું હતું કે, તમામ મુદ્દાઓને લઈને સર્વસંમતિ થઇ ગયા બાદ મિડિયાને સૂચિત ગઠબંધનના સંદર્ભમાં માહિતી આપવામાં આવશે. આવતીકાલે શુક્રવારના દિવસે મુંબઈમાં ફરી એકવાર મિટિંગ થનાર છે. પૃથ્વીરાજે દિલ્હીમાં એનસીપીના પ્રમુખ શરદ પવાર સહિત પાર્ટીના તમામ નેતાઓ સાથે બેઠક બાદ રચનાત્મક સંકેત આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ નેતા સાથે પણ વાતચીત સફળ રહી છે.

# આજથી કોલકત્તા ખાતે ઐતિહાસિક ડે-નાઈટ ટેસ્ટ

**ઇડન ગાર્ડન ઐતિહાસિક પળોનું સાક્ષી બનવા માટે સંપૂર્ણ તૈયાર : ક્રિકેટ ઇતિહાસમાં પોતાની પ્રથમ જ ડેનાઇટ ટેસ્ટમાં વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ ભવ્ય દેખાવ કરવા સંપૂર્ણપણે તૈયાર**

કોલકત્તા, તા. ૨૧

કોલકત્તાના ઐતિહાસિક મેદાન ખાતે આવતીકાલથી ભારત અને બાંગ્લદેશ વચ્ચે ડે-નાઈટ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ ઐતિહાસિક ટેસ્ટ મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ઈડન ગાર્ડન હવે ઐતિહાસિક પળોના સાક્ષી તરીકે બનવા માટે તૈયાર છે. બંને ટીમો મંગળવારના દિવસે કોલકત્તા પહોંચી ગઈ હતી. જ્યાં બંને ટીમો પોતાના ક્રિકેટ ઈતિહાસમાં પ્રથમ વખત ડેનાઈટ ટેસ્ટ રમવા માટે તૈયાર છે. દુનિયાની નંબર વન ટીમ ભારત અહીં પ્રથમ વખત નવમા નંબરની ટીમ બાંગ્લાદેશ સામે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. આ મેદાનમાં અનેક રેકોર્ડ રહ્યા છે. કેટલીક રોમાંચક મેચો અહીં રમાઈ ચુકી છે. એક મેચ માર્ચ ૨૦૦૧ના દિવસે રમાઈ હતી. આ મેચ ઓસ્ટ્રેલિયાની સામે રમાઈ હતી. જેમાં ભારતે ગુમાવેલી મેચ વીવીએસ લક્ષ્મણની શાનદાર બેટિંગના કારણે જીતી લીધી હતી. દરમિયાન બંગાળ ક્રિકેટ એસોસિએશનના ક્યુરેટર સુજાન મુખર્જીએ કહ્યુ હતુ કે તે ગુલાબી બોલ સાથે આ પિચ પર ટેસ્ટ મેચને લઈને ઉત્સુક છે. બંને ટીમોને ફાયદો થાય તેવી વિકેટ બનાવવામાં આવી છે. વિરાટ કોહલીની ટીમ ઈન્ડિયા હવે શાનદાર દેખાવને જાળવી રાખવા માટે આશાવાદી છે.



# અમદાવાદમાં એક કરોડના સોનાની દિલધડક લૂંટ

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદ શહેરના અંજલિ બ્રિજ પર આજે મોડી સાંજે એક કરોડથી વધુના સોનાની દિલધડક લૂટ કરી અજાણ્યા શખ્સો ફરાર થઈ જતાં ખળભળાટ મચી ગયો હતો. મોડી સાંજે આ બનાવ બન્યા બાદ પોલીસે સીસીટીવી અને આસપાસ રહેલા લોકોના નિવેદનના આધાર પર તપાસ હાથ ધરી હતી. મળેલી માહિતી મુજબ અંજલિ બ્રિજ પર એક્ટિવા પર શખ્સો આવ્યા હતા અને વ્યક્તિ પાસેથી એક કરોડથી વધુના સોનાની લૂંટ કરી ફરાર થઈ ગયા

● અનુસંધાન પાન-૭ પર


## WALK-IN INTERVIEW

**Samarpan Education & Reserch Campus**

**Nr. KH-7, Samarpan Circle, Sector-28, Gandhinagar - 28**

We Invites candidate for the following post.
Interested candidates may "walk-in' for the interview with their update CVs and relevant document per the schedule below.

**Samarpan Science and Commerce College (English Medium)**
Affiliated to Gujarat University, Contact No.: 9081242233

Science Disciplines : Chemistry, Physics, Microbiology, Mathematics
Commerce Discipline : Commence, Accountancy

**Samarpan School of Law (English Medium)**
Affiliated to Gujarat University, Contact No.: 9081242233

Position : Principal & Assistant Professor

Candidate should fulfil the eligibility norms as per Gujarat University / U.G.C./B.C.I.
**Date: 26, November -2019, Tuesday, Time: 11.00 a.m. to 14.00 p.m.**
**Venue: School of Commerce, Gujarat University, Ahmadabad- 380009**
**Note : Registration Time 10:00 to 12:00**

Application Invited for
**Samarpan Public Shcool**

Shree Shanakersinh Vaghela Bapu Foundation managed SAMARPAN PUBLIC SCHOOL , English Medium in Gandhinagar. Invites applications from interested candidates for the following subjects.

- **English and Social Studies :** Subject for Primary, Secondary and Higher Secondary
- **Account, Biology, Physics, Chemistry & Psychology :** Subject for Higher Secondary
- **Sanskrit :** for Secondary

The eligible and well experienced candidates with fluency in English should apply to the Principal at the above address or mention below e-mail within 15 days from the date of this advertisement for the above posts with full details in resume by the post and
**mail: principalschool.sps@samarpancamps.co.in**
**Contact No. : 9081262233**

Date: 21-11-2019 Registrar




મુંબઈ ખાતે "ગ્લોબલ બિઝનેશ એવોર્ડ" ફંકશનમાં ગાંધીનગરના બેસ્ટ ઈન્ટીરીયર ડિઝાઈનર તરીકે ફિલ્મ સ્ટાર માધુરી દીક્ષીત ના વરદ હસ્તે ઈન્ટીરીયર ડિઝાઈનર મનાલી પંડયા **(સ્કાય લાઈનર ઈન્ટીરીયર - ૩૦૫, રાધે સિગ્નેચર સહજાનંદ સિટિ, કુડાસન, ગાંધીનગર)** ની બેસ્ટ ઈન્ટીરીયર ડિઝાઈનર તરીકેની પસંદગી કરવામાં આવી. આ એવોર્ડ પ્રોગ્રામમાં ગાંધીનગર ના ૩૦ વધુ લોકોએ ભાગ લીધેલ જેમાંથી ગાંધીનગરના બેસ્ટ ઈન્ટીરીયર ડિઝાઈનર તરીકેની મનાલી પંડયાની પસંદગી કરવામાં આવેલ. ગાંધીનગર - અમદાવાદમાં છેલ્લા ૭ વર્ષથી ઈન્ટીરીયર ડિઝાઈનર તરીકે કામ કરતાં અને અત્યાર સુધીમાં ૩૦ થી વધુ સાઈટ ને સંતોષકારક રીતે પૂર્ણ કરેલ છે.


## આશ્કા હોસ્પિટલ આયોજીત ફ્રી કન્સલ્ટેશન કેમ્પ

તારીખ: ૨૪/૧૧/૨૦૧૯,રવિવાર | સમય: સવારે ૯/૦૦ થી બપોરે ૨/૦૦ સુધી

એડવાન્સ રજીસ્ટ્રેશન જરૂરી

કેમ્પમાં સજેસ્ટ કરેલા રેડીઓલોજી / પેથોલોજી ટેસ્ટ પર ૨૦% ડિસ્કાઉન્ટ

**કાર્ડિયાક** ડૉ.હસિત જોષી, ડૉ.અભિમન્યુ કોઠારી
- છાતી માં દુખાવો
- હાફ ચડવી
- થાક લાગવો
- હાઈ બ્લડ પ્રેશર
- હાઈ કોલેસ્ટ્રોલ
- ઈ.સી.જી માં બદલાવ

**ન્યુરોલોજી** ડૉ.રવિ ખેતાન
- માથા નો દુખાવો
- મણકા / કમર નો દુખાવો
- લકવાની તકલીફ
- ભૂલી જવાની તકલીફ

**ઓર્થોપેડીક** ડૉ.ધવલ ગોસ્વામી, ડૉ. જીગ્નેશ પંડયા
- ગોલ્ડ ની જોઈન્ટ રિપ્લેસમેન્ટ
- ઢીચણ નો દુખાવો
- કમર નો દુખાવો
- ઘૂંટણના સાંધાના ઓપરેશન કરાવ્યા બાદનો દુખાવો

**રેસ્પીરેટ્રી** ડૉ.ઋષિ પટેલ
- અસ્થમા
- એલર્જી ,
- રાત્રે ખાંસી આવવી
- હાફ ચડવી
- શ્વાસ લેતી વખતે અવાજ થવો

**ઈ.એન.ટી.** ડૉ.મનોજ અમીન, ડૉ.પાર્થ મકવાણા
- નાક માં મસા થવા
- કાન ને લગતા તમામ રોગોનું નિદાન
- ગળા ને લગતા તમામ રોગોનું નિદાન

**ડેન્ટલ** ડૉ.વૃત્તિ શાહ
- વાંકા ચુકા દાંત ની સારવાર
- દાંત નો સડો અટકાવી રુટકેનાલ
- ડેન્ટલ ઇમ્પ્લાન્ટ
- દાંત ના ચોકઠાં બનાવવા
- તમાકુ ના ડાઘ દૂર કરવા

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : ૦૭૯ - ૨૯૭૫૦૭૫૦, ૭૫૭૫૦૦૯૦૦૦ / ૬૦૦૦

aashka HOSPITAL

સરગાસણ થી રિલાયન્સ ક્રોસ રોડ ની વચ્ચે સરગાસણ ગાંધીનગર - ૩૮૨૪૨૧.
ઈમરજન્શી નંબર : ૭૫૭૫૦૦૭૭૦૭,૯૮૭૯૭૫૨૭૭૭



## યુરોપ હવે આપના બજેટમાં

The Europe Carnival

ONLY FOR ₹99,999 + GST

દેશો: બુડાપેસ્ટ, વિએના, પ્રાગ, સેસ્કી ક્રમલોવ, સ્લોવેકિયા

સમાવેશ: એર ટિકિટ, વિઝા, સાઇટસીઇંગ, ૪ સ્ટાર હોટેલ સ્ટે, બ્રેકફાસ્ટ અને ડિનર

નહીં કોઈ એક્સટ્રા કિંમત છુપા ખર્ચ | ૧૦૦% પારદર્શિતા જેન્યુન પેકેજ

તા. ૨૪-૧૧-૨૦૧૯ રવિવાર
એચ ટી પારેખ હોલ, એ.એમ.એ.
આઈ.આઈ.એમ. રોડ, અમદાવાદ

સવારે ૧૦ થી ૧૨ કોમ્પ્લિમેન્ટ્રી લન્ચ | બપોરે ૨ થી ૪ કોમ્પ્લિમેન્ટ્રી હાઈ ટી

R K VACATIONS PVT. LTD.
રજીસ્ટ્રેશન માટે કોલ કરો:
+91 955 84 955 84
SCAN TO REGISTER



## ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225